Date:-25-10-2024

Gujarat Samachar, Page-04, Surat

# સુરતની તાપી નદીમાં હવે વોટર મેટ્રો પ્રોજેક્ટ માટે ફીઝીબીલીટી ચકાસાશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરુવાર

ભારતના કોચી વિસ્તારમાં દેશની પહેલી વોટર મેટ્રો છે તેવી જ રીતે હવે સુરતમાં વોટર મેટ્રો બનાવવા માટે આયોજન થઈ રહ્યું છે. મ્યુનિ. કમિશનરે જણાવ્યું કે, સુરત ભારતમાં સૌથી બેસ્ટ કનેક્ટેડ સીટી તરીકે ઉભરી રહ્યું છે. સુરતમાં રોડ ( એક્સપ્રેસ હાઈવે ) બુલેટ ટ્રેન, મેટ્રો અને પોર્ટ જેવી કન્ટેટીવીટી પણ મળી શકે છે. પાલિકાના બજેટમાં પણ આ અંગે જોગવાઈ કરવામાં આવી હતી અને તે માટે ફીજીબૂલીટી રિપોર્ટ પણ ચકાસણી કરવા જોગવાઈ કરવામાં આવી છે. તે માટે ેચી વોટર મેટ્રોની ટીમે સુરત આવવા માટે તૈયારી બતાવી છે. આ ઉપરાંત દિવાળી પછી સુરત પાલિકાની ટીમ પણ કોચી વોટર મેટ્રોના અભ્યાસ માટે કોચી જશે. વોટર મેટ્રો પ્રોજેક્ટ માટે ટેકનિકલદ્ધ, નાણાકીય સહાય માટે અત્અત્ફડી એ મૌખિક સંમતિ આપી છે. હવે લેખિતમા સંમતી લેવામાં આશે. તમામ બોટ ઈલેક્ટ્રીક રહેશે તેથી પર્યવરણને પણ નુક્સાન થશે નહી.થોડા સમય પહેલા પેરીસમાં ટ્રાન્સ્પોટેશન અંગેના વર્કશોપમાં ગુજરાત સરકાર વતી મ્યુનિ. કમિશનર સાથે કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટના ટેકનિકલ હેડ પણ ઉપસ્થિત હતા.